# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

**વંચાણે લીધોઃ** ઉપસચિવશ્રી,(કા.વ્ય.૧), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ક્રમાંકઃજીજી/૨૩/૨૦૨૦/વિ-૧/કઅવ-૧૦૨૦૨૦/૪૮૨, તા.૧૪/૦૪/૨૦૨૦ના જાહેરનામા.

**નોવેલ કોરોના વાઇરસ (Covid-19)સંક્રમણને નિયંત્રણમાં**
**લાવવા બાબત...**

## પરિપત્ર

નોવેલ કોરોના વાયરસ (Covid-19)ની વૈશ્વિક મહામારીના સંક્રમણને નિયંત્રણમાં રાખવાના જાહેર હિતમાં નામ.ભારત સરકારશ્રીના આદેશ મુજબ રાજય સરકારશ્રી દ્વારા વંચાણે લીધેલ જાહેરનામાથી તા.૧૫/૦૪/૨૦૨૦ થી તા.03/૦૫/૨૦૨૦ સુધી સમગ્ર ગુજરાત રાજયમાં આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ સંપૂર્ણપણે લોકડાઉન રાખવાના આદેશ થયેલ છે.

જે ધ્યાને લઇ આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની સર્વે કચેરીઓના યુનિટ/સબ યુનિટ વડાશ્રીઓને તા.૧૪/૦૪/૨૦૨૦ થી તા.0૩/૦૫/૨૦૨૦ સુધી યુનિવર્સિટીની શિક્ષણ, સંશોધન, વિસ્તરણ અને હિસાબી અને વહીવટીય તમામ કામગીરી સંપૂર્ણ રીતે લોકડાઉન રાખવા અને પોતાની કચેરીઓમાં અતિઆવશ્યક સેવા સ્વવિવેકાનુસાર કચેરીની જરૂરીયાત મુજબ ન્યુનતમ કર્મચારીઓ (skeleton staff) સાથે ચાલુ રાખવા જણાવવામાં આવે છે.

વધુમાં આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની સર્વે મહાવિધાલયો ખાતે લોકડાઉનના સમયગાળા દરમ્યાન સ્નાતક, અનુસ્નાતક અને પોલીટેકનીક કક્ષાએ બાકી રહેતા અભ્યાસક્રમ ઓનલાઇન/વીડીયો કોન્ફરન્સીંગથી ચાલુ રાખવા અને યુ-ટયુબ અને વોટસઅપ ઉપર મૂકવા સર્વે મહાવિધાલયોના વિભાગીય વડાશ્રીઓ અને સંબંધિત વિષય શિક્ષકશ્રીઓને આથી જણાવવામાં આવે છે.

તદ્ ઉપરાંત આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની સંશોધનની અને તેને સંલગ્ન ફાર્મની અતિઆવશ્યક કામગીરી પણ લોકડાઉનના સમયગાળામાં ન્યુનતમ કર્મચારીઓ સાથે ચાલુ રાખવા પણ સર્વે મુખ્ય અને પેટા સંશોધન કેન્દ્રોના વડાશ્રીઓને આથી જણાવવામાં આવે છે.

પ્રસ્તુત પરિપત્ર યુનિવર્સિટીના કામકાજના હિતમાં માન.કુલપતિશ્રીની ફાઇલ ઉપર મંજુરી મેળવીને જારી કરવામાં આવે છે.

**કુલસચિવ**

**જા.નં.આકૃયુ/રજિ/સંકલન/૧૫૫૮/૨૦૨૦**
**તા.૧૫/૦૪/૨૦૨૦**

**નકલ સવિનય રવાના જાણ તથા અમલ થવા સારૂ.**

(૧) માન.કલેકટરશ્રી, કલેકટરશ્રીની કચેરી, આણંદ તરફ જાણ સારૂ.
(૨) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ. આણંદ તરફ જાણ સારૂ.
(3) તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.

**નકલ રવાનાઃ**

(૧) કુલસચિવશ્રીના અંગત મદદનીશ તરફ.
(૨) આ કચેરીની એડીએમ શાખા-3 તરફ.
(3) આ કચેરીની તમામ શાખાઓ તરફ.